**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# આગામી દિવસોમાં ઓક્સિજનની જેમ રક્તની તીવ્ર અછત સર્જાશે?

**કોરોનાને કારણે રક્તદાન પ્રવૃતિમાં ઓટ આવી હતી હવે ૧૮ થી ૪૫ વર્ષની વ્યક્તિઓને રસીકરણથી રક્તદાન અટકી જશે : થેલેસેમિયાથી માંડીને કિડનીના રોગો ઉપરાંત પ્રસુતિ માટે સિવિલ હોસ્પિટલમાં રોજની ૧૨ થી ૧૫ બોટલ રક્ત વપરાય છે સામે માંડ ૪ થી ૫ બોટલ રક્તદાન મળે છે : સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્ત પુરવઠો સાવ તળીયે છે**

ગાંધીનગર, તા. ૨૯

દેશભરમાં આગામી તા. ૧લી મે ના રોજથી ૧૮ થી ૪૫ વયના યુવા નાગરિકો માટે દેશવ્યાપી રસીકરણ અભિયાન શરૂ થઈ રહ્યું છે જે કોરોના મહામારી સામેની લડતમાં મોટું પગલું ગણાશે. જો કે સરકારનું આ મોટુ પગલું અત્યારે પ્રવર્તમાન ઓક્સિજનની કટોકટીની જેમ બીજી એક કટોકટી સર્જવા માટે જવાબદાર બની શકે છે અને તે કટોકટી હશે રક્તની અછતની. કોરોના મહામારીના કારણે આમ પણ છેલ્લાં એક વર્ષથી રક્તદાનની પ્રવૃત્તિમાં ખૂબ જ મોટી ઓટ આવી છે અને બ્લડ બેંકો સતત રક્ત પુરવઠાની ખેંચ અનુભવી રહી છે ત્યારે કોવિડ રસીકરણથી પરિસ્થિતિ અત્યંત વિકટ બનશે તેવી સ્થિતિ સર્જાવા પામી છે. અત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્ત પુરવઠો અત્યંત ચિંતાજનક સ્થિતિએ છે.

કોરોનાને કારણે સર્જાયેલી અત્યંત વિકટ પરિસ્થિતિમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલથી માંડીને ખાનગી સહિત લગભગ તમામ હોસ્પિટલો હાઉસફુલ છે અને સ્મશાનઘાટો પર પણ લાંબી લાઈનો લાગી રહી છે. આ વિષમ પરિસ્થિતિમાં તા. ૧લી મે થી શરૂ થઈ રહેલું ૧૮ થી ૪૫ વયની વ્યક્તિઓ માટેનું રસીકરણ અભિયાન શહેરમાં રક્તની તીવ્ર અછત સર્જશે જેના કારણે થેલેસેમિયા, હિમોફેલિયા, સિકલસેલ, એનીમિયા જેવા નિયમિત રક્તની જરૂરિયાતવાળા દર્દીઓ, ઉપરાંત પ્રસુતિ અને અકસ્માત વગેરે સમયે આકસ્મિક સ્વરૂપે સર્જાતી રક્તની જરૂરિયાત પુરી કરવા માટે રક્ત પુરવઠો ઉપલબ્ધ નહી હોય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. રક્તની અછત સર્જાવાની શકયતા પાછળ



રસીકરણ એટલા માટે જવાબદાર બની શકે છે જેમાં રસી લેનાર વ્યક્તિ ૨૮ દિવસ સુધી રક્તદાન કરી શકતો નથી અને ત્યાં સુધીમાં તેને બીજો ડોઝ લેવાનો સમય થઈ જશે તેથી બીજા ૨૮ દિવસ સુધી તે રક્તદાન કરી નહી શકે. એક અંદાજ મુજબ એક વ્યક્તિ જે બંને રસી લે છે તે આશરે ત્રણ માસ સુધી રક્તદાનથી દૂર રહી શકે છે. અત્યારે રક્તદાન કરનાર દાતાઓમાં સૌથી વધુ રક્તદાતા ૧૮ થી ૪૫ વર્ષની વયના જ હોય છે તેથી રક્તદાન પ્રવૃતિ જે અત્યારે આમ પણ તદ્દન ધીમી પડી ગઈ છે તે સાવ અટકી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

કોરોના સંક્રમણની બીજી લહેર ઘાતક બનવા સાથે એટલી વ્યાપક રીતે પ્રસરી છે કે લગભગ દરેક પરિવારમાંથી કોઈને કોઈ સંક્રમિત થયું હોય તેવી સ્થિતિ છે. એકવાર કોરોના સંક્રમિત થયેલ દર્દી સાજો થઈને નેગેટીવ રિપોર્ટ આવે તે પછી તે પણ ત્રણ માસ સુધી રક્તદાન ના કરે તે ઈચ્છનીય હોય છે કેમ કે તેની રોગ પ્રતિકારક શક્તિ નબળી પડેલી હોય છે. આ કારણે આમા પણ અસંખ્ય નિયમિત રક્તદાન કરતાં રક્તદાતાઓ સંક્રમિત થયાં હોવાથી રક્તદાન ઘટ્યું છે. વળી રક્તદાન કેમ્પના આયોજનો પણ કોવિડ ગાઈડલાઈનના લીધે ઝંઝટભર્યા અને જોખમી બન્યાં હોવાથી તેમાં પણ ઓટ આવી છે. આ સ્થિતિએ અત્યારે જ રક્તની અછત પેદા કરી છે, ખાસ કરીને નેગેટીવ સારએચ ફેકટર ધરાવતા રક્તની ખૂબજ સ્થિતિ ગંભીર છે જ્યારે બીજી તરફ અનેક રોગોના દર્દીઓને નિયમિત રક્તની જરૂર પડે છે તેમજ પ્રસુતિ-અકસ્માત વગેરેને કારણે જરૂર પડતાં રક્ત પુરવઠાથી રહ્યો સહ્યો પુરવઠો પણ વપરાઈ રહ્યો છે તેથી આગામી સમય ઓક્સિજનની જેમ બ્લડબેંકમાં રક્તની કટોકટી સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે.

## યુવાનો રસી લેતા પહેલા રક્તદાન કરે તે જરૂરી છે : ગૂંજ ફાઉન્ડેશન

ગાંધીનગરમાં રક્તદાનની સેવાકીય સાથે સંકળાયેલી સ્વૈચ્છિક સંસ્થા ગૂંજ ફાઉન્ડેશનના પૃથક ઠક્કરના જણાવ્યા અનુસાર 'સામાન્ય સંજોગોમાં પણ નાગરિકો રક્તદાન પ્રત્યે ઓછી જાગૃતિ ધરાવે છે અને કોરનાના આગમ પછી તો અનેક વ્યક્તિઓ સંક્રમણના ડરથી રક્તદાનથી દૂર થઈ ગયાં છે જેથી છેલ્લાં એક વર્ષથી રક્તની અછત વર્તાઈ રહી જ છે પરંતુ હવે રસીકરણથી તે કટોકટીમાં ફેરવાઈ શકે છે, આ સ્થિતિમાં ૧૮ થી ૪૫ વર્ષના યુવાનો રસી લેતાં પહેલા રક્તદાન કરે તે ઈચ્છનીય છે.'

## યુવાનો ડર છોડી જવાબદારી સમજી રક્તદાન કરે : હેપ્પી યુથ ક્લબ

રક્તદાન સાથે સંકળાયેલી હેપ્પી યુથ ક્લબના સ્વયંસેવક અલ્કેશ ભાનુપ્રિયના જણાવ્યાં અનુસાર અત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક જ રક્ત પુરવઠાની અછત અનુભવી રહી છે. સામાન્ય સંજોગોમાં જ્યાં દૈનિક ૨૦ થી ૩૦ રક્તદાતા રક્તદાન કરતા હતા ત્યાં અત્યારે દિવસના માંડ ચારથી પાંચ રક્તદાન આવે છે જે મોટે ભાગે રક્ત લેનાર દર્દીના સગાં દ્વારા અપાતુ રિપ્લેસમેન્ટ જ હોય છે. અત્યારે સિવિલ હોસ્પિટલમાં જ દૈનિક ૧૨ થી ૧૫ રક્ત યુનિટ્સની જરૂર પડે છે તેથી સ્વૈચ્છિક રક્તદાતાઓ ડર છોડી રક્તદાન કરે તે જરૂરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, હવે ચિંતા ન કરો... ત્રીજી લહેર માટે તંત્ર સજ્જ થઈ ગયું છે...!!

# આજે સે. ૭ માં ભારત માતાના મંદિરે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં કોરોના સંક્રમણની સર્જાયેલી અત્યંત વિકટ પરિસ્થિતિમાં લોહીની અછત પણ સર્જાવા પામી છે. એમાં પણ હવે ૧૮ થી ૪૫ વર્ષના યુવાનોને પણ રસીકરણ કરવાનું હોવાથી રક્તની કટોકટી સર્જાઈ શકે છે. આ સ્થિતિમાં શહેરમાં રક્ત પુરવઠાની અછતને પહોંચી વળવા વિશ્વ હિંદુ પરિષદ દ્વારા તા. ૩૦મી એપ્રિલ શુક્રવારે શહેરના સેક્ટર-૭-એ ખાતે ભારતમાતાના મંદિરે સવારે ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બજરંગદળના પ્રમુખ શક્તિસિંહ ઝાલાએ જણાવ્યું હતુ કે વેક્સિનના બંને ડોઝની ગણતરી કરીએ તો યુવાનો ૬૦ દિવસ સુધી રક્તદાન કરી નહી શકે જેના કારણે રક્ત પુરવઠાની ગંભીર અછત સર્જાશે જેથી યુવાનો રસી લેતા પહેલા રક્તદાન કરે તે જરૂરી છે અને અમે શહેરમાં રક્તની અછત પુરી કરવા આ રક્તદાન કેમ્પનું આયોજન કર્યુ છે. રક્તદાન કેમ્પમાં કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે.




**ખ-૩ પાસે ટ્રક પલ્ટી ગઈ**

શહેરના 'ખ' માર્ગ પર સવારના સમયે ખ-૩ પાસે અચાનક ટ્રક ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક પલટી ખાઈ ગયો હતો.

# સરકારી મકાનમાંથી ચોરી કરેલા પંખા વેચવા ફરતા ૩ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ સ્થિત 'ચ' ટાઈપના બંધ પડેલા મકાનોના દરવાજા તોડી અંદર પ્રવેશી પંખા તેમજ અન્ય ચીજવસ્તુની ચોરી કરનાર ત્રણ શખ્સોને એલસીબી પોલીસે દબોચી લીધા છે. પોલીસે આ શખ્સો પાસે રહેલી પેન્ડલ રીક્ષામાંથી પંખા તેમજ બારીની ફ્રેમ મળી કુલ રૂ. ૧૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ચૌહાણ ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જાગૃતિબા અને દિગ્વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ઘ-૭ થી ગ-૭ તરફ જવાના માર્ગે ત્રણ શખ્સો પેન્ડલ રીક્ષામાં જુના પંખા સહિત અન્ય ચીજવસ્તુ વેચવા માટે ફરે છે. જેને પગલે પોલીસે સે. ૨૮ પ્રેસ છાપરામાં રહેતા ગોપાલ કાળુભાઈ દંતાણી, અમર રામસીંગભાઈ બજાણીયા, સોનુભાઈ બાબુભાઈ મારવાડી હોવાનું સામે આવ્યુ હતુ. આ શખ્સો પાસેથી પેન્ડલ રીક્ષામાંથી ૫ પંખા, ૬ એલ્યુમીનીયમના હેન્ડલ, બારીની લોખંડની ફ્રેમ મળી આવી હતી. પોલીસે આધાર પુરાવા માંગતા તેઓ યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. પોલીસે અંગજડતી લેતા ડીસમીસ, ટેસ્ટર, વ્હીલપાનુ મળી આવતા પોલીસે ઉંડાણપૂર્વક પુછતાછ કરી હતી. આરોપીઓએ સેક્ટર-૨૮ ચ-ટાઈપ સ્થિત બંધ મકાનમાંથી પંખા, હેન્ડલ સહિતના સામાનની ચોરી કરી હતી. પોલીસે પંખા, પેન્ડલ રીક્ષા, મોબાઈલ સહિત કુલ રૂ. ૧૨,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં માણસા પોલીસ મથકમાં કેબલ ચોરીના ગુના નોંધાયા હતા તેમાં તે પકડાયો હતો.

## બિન જરૂરી બહાર નીકળનાર સામે પોલીસની કાર્યવાહી થશે





ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં માસ્ક નહી પહેરનાર અને બિન જરૂરી કામ વિના બહાર લટાર મારનાર સામે ગાંધીનગર પોલીસ હરકતમાં આવી છે. તમામ સેક્ટરના આંતરિક માર્ગોમાં પેટ્રોલીંગ કરી કામ સિવાય બહાર ન નીકળવા માટે ચેતવણી આપી હતી. જ્યારે જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ સિવાયની દુકાનો બંધ છે કે કેમ તે જોવા ૨૦ થી ૨૫ ગાડીઓ સાથે પેટ્રોલીંગ કર્યુ હતુ.

# શહેરના યુવાનોને કોરોનાની રસી મેળવવા રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૨૯

કોરોનાથી બચવા માટે અસરકારક એવી કોરોનાની રસી શોધાઈ ગયાને દિવસો વિતી જશે ત્યારે સૌ પ્રથમ ૬૦ કે તેથી વધુ વર્ષના નાગરિકોને રસી આપ્યા બાદ ૪૫ થી વધુના તમામને રસી અપાઈ હતી. ત્યારબાદ સરકાર દ્વારા જાહેરાત કરાઈ હતી કે ૧૮ થી વધુ વર્ષના તમામને હવે કોવિશિલ્ડ અપાશે જે માટેના રજીસ્ટ્રેશન પણ ૨ દિવસ પહેલાથી જ ઓનલાઈન શરૂ થઈ ગયા છે. જેને લઈ શહેરના યુવાનો ઉત્સુક છે પરંતુ ખબર મુજબ ગુજરાતમાં વેક્સીનના જથ્થાની ઉપલબ્ધી બાબતે પ્રશ્ન છે. રસીનો જથ્થો હજી ગુજરાતમાં પહોંચ્યો ન હોવાથી ઉપલબ્ધી બાદ રજીસ્ટ્રેશન કરાવનારોને રસી અપાશે તેમ જણાવાયુ છે. ત્યારે શહેરના યુવાનો આ સાંભળી નિરાશ થયા છે.

કોરોનાના રોગના ડર સાથે કોરોનાની રસી લેવાનો ક્રેઝ શહેરીજનોમાં અનેરો છે. શરૂઆતથી જ તમામ જાગૃત શહેરીજનો એકબીજાને રસી લેવા માટે તૈયાર કરી રહ્યા છે અને જ્યારથી યુવાનો એટલે કે ખાસ ૧૮ વર્ષથી લઈ ૪૫ સુધીના તમામને રસી મળનાર છે આ વાત સાંભળી શહેરના યુવાનોમાં ઉત્સુકતા જોવા મળી હતી. બે દિવસ પહેલા જ્યારે રસી માટેના રજીસ્ટ્રેશન શરૂ થયા એ પ્રથમ દિવસે જ ઘણા શહેરીજનોએ નોંધણી કરાવી હતી. અમુક જાગૃત શહેર યુવાઓએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા વેક્સિન માટે રજીસ્ટ્રેશન કરાવી લીધુ છે. તમે પણ કરાવો જેવી પોસ્ટ પણ ફરતી કરી હતી અને બીજા યુવાનોને કોરોનાની રસી લેવા માટે જાગૃત કર્યા હતા. તમામ રાહ જોઈ રહ્યા હતા. અને લાગે છે કે હજી થોડી ઔર રાહ જોવી પડશે કારણ કે સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે કે કોરોના રસીનો જથ્થો ઉપલબ્ધ થાય



તેવી શક્યતા ઓછી હોવાથી મે મહિનાની શરૂઆતમાંજ ૧૮ વર્ષની ઉપરના યુવાનોને રસી આપવી અઘરી છે. જ્યારે જથ્થો ઉપલબ્ધ થશે ત્યારે રજીસ્ટ્રેશન કરાવનાર તમામને પદ્ધતિસર રસી અપાશે. ઉલ્લેખનીય છે કે ૪૫ કે તેથી વધુ વર્ષના તમામ નાગરિકોને રસી આપવાની પ્રોસેસમાં કોઈ બાધ નહિ આવે.

આમ જો રસીકરણ જણાવેલ તારીખ મુજબ શરૂ નહી થાય તો શહેરના યુવાઓના રસી લેવાના ઉત્સાહમાં ખલેલ પહોંચી શકે છે.

# કોરોના કટોકટી સાથે જનતાને મોંઘવારીના મારથી પણ બચાવો : વસાહત મહાસંઘ

ગાંધીનગર તા.૨૯

સમગ્ર રાજ્યમાં કોરોના મહામારીએ કારમો ભરડો લીધો છે એક તરફ નાગરિકો કોરોના મહામારી સામે જંગ લડી ગયાં છે જ્યારે બીજી તરફ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચતા નાગરિકોની હાલત કફોડી થઈ ગઈ છે. આ સ્થિતિમાં મોંઘવારી પર અંકુશ મેળવવા ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા રાજયના મુખ્યમંત્રી સમક્ષ તાત્કાલિક પગલા ભરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન કોરોના મહામારીમાં મોટી સંખ્યામાં નાગરિકો સંક્રમિત થયેલા છે જેના કારણે સરકારી હોય કે ખાનગી તમામ હોસ્પિટલો હાઉસફૂલ જોવા મળી રહી છે. એક તરફ નાગરિકો કોરોના મહામારી સામે જીવન મરણનો જંગ લડી રહ્યા છે તેવા સમયમાં બીજી તરફ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો સતત વધતા હોવાને કારણે લાખો લોકોની હાલત વધુ કફોડી થવા પામી છે. રાજ્યમાં અત્યારે અનફિટ લોકડાઉન જેવી સ્થિતિ પ્રવર્તતી હોવાને કારણે નાગરિકોના વેપાર ધંધા કે વ્યવસાય ઠપ્પ છે તેવા સમયે ખાદ્ય તેલના ડબ્બાનો ભાવ રૂપિયા ત્રણ હજારને પાર થવા જઈ રહ્યાં છે. માત્ર ખાદ્ય તેલ જ નહીં પરંતુ ફળફળાદી, શાકભાજી, કઠોળ જેવી રોજિંદા જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો પણ ઉંચકાયેલા જોવા મળી રહ્યાં છે જેના કારણે મધ્યમ તથા ગરીબ વર્ગે મોંઘવારીમાં પીસાવાનો વારો આવ્યો છે. રાજ્યમાં રોજે રોજનું કમાઈને રોજ ખાવાવાળા શ્રમજીવી ગરીબ વર્ગની પરિસ્થિતિ નાજુક બનવા પામી છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના સતત વધી રહેલા ભાવોને અંકુશમાં લેવા માટે તાત્કાલિક પગલા ભરવા અત્યંત આવશ્યક જણાય છે. રાજ્યના પુરવઠા મંત્રીએ ઓઈલ મિલરો સાથે બેઠક યોજી ખાદ્યતેલના ભાવો અંકુશમાં આવે તે માટે પ્રયાસો હાથ ધરવા જોઈએ તેવી વસાહત મહાસંઘ દ્વારા રાજ્ય સરકારને શીખ આપવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રીને કરેલા લેખિત નિવેદનમાં શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે આ કપરી પરિસ્થિતિમાં રાજ્યમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ તથા અન્ય મહત્ત્વની ચીજ વસ્તુઓના ભાવો ઝડપથી નીચે આવેશ અને મોંઘવારી પર અંકુશ રહે તે હેતુસર સરકારે સત્વરે કાર્યરત બની મધ્યમવર્ગ સહિત નાગરિકોને કારમી મોંઘવારીના ચક્કરમાં પીસાતા અટકાવવા પગલા ભરવા જોઈએ.

## ખાદ્યતેલ સહિત રોજિંદા જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચતા શહેર વસાહત મહાસંઘે મુખ્યમંત્રીને અપીલ કરી

# ઘરે ઘરે કોરોનાના કેસોના કારણે ટીફીન સર્વિસ વધી

**ટીફીન સર્વિસ ઉપરાંત મોટી હોટલો-રેસ્ટોરન્ટ ટેક અવે સર્વિસના કારણે જ ચાલી રહી છે : છેલ્લા વીસ દિવસમાં ટીફીન સર્વિસ અને ટેક અવેમાં ૫૦ ટકાનો વધારો**

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં છેલ્લા એક મહિનાથી કોરોનાએ જાણે હાહાકાર મચાવ્યો છે. ઘરે ઘરે કોરોનાના કેસો જોવા મળી રહ્યાં છે. ઘરના બધા જ સભ્યો કોરોના પીડીત હોય અથવા ક્વોરોન્ટાઈન હોય ત્યારે સૌથી મોટો પ્રશ્ન જમવા બાબતનો ઉભો થાય છે. રસોઈ બનાવીને આપી જાય તેવા કોઈ સગાં સંબંધી નજીકના ન હોય તેવી સ્થિતિમાં કોરોનાગ્રસ્ત પરિવારો ટીફીન સર્વિસ અને હોટલ રેસ્ટોરન્ટની ટેક અવે સર્વિસનો લાભ લઈ રહ્યાં છે.



છેલ્લા એક દોઢ મહિનાથી ચારેકોર અફરા-તફરીનો માહોલ છે. કોરોનાના દર્દીઓ કુદકે ને ભૂસકે વધી રહ્યાં છે. ગાંધીનગરમાં દરરોજ ત્રણસોથી સાડા ત્રણસો જેટલા કોરોનાના દર્દીઓ આવી રહ્યાં છે. એવા ઘણાં દર્દીઓ છે જે હાલમાં હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી રહ્યાં છે. શહેરમાં એવા ઘણા પરિવારો છે જેમના તમામ સભ્યો કોરોનાગ્રસ્ત હોય.

કોરનાની સારવાર ચાલી રહી હોય ત્યારે સૌથી મોટો પ્રશ્ન જમવાનુ બનાવવાનો હોય છે. ઘરના સ્ત્રી સભ્ય જો કોરોનાગ્રસ્ત હોય કે હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા હોય ત્યારે આ પ્રશ્ન વિકટ બને છે. વળી જે જમવાનું આપી જાય તેવા સગા સબંધીઓ અને મિત્રો પાસે ન હોય ત્યારે તો ઘણીવાર ભુખ્યા રહેવાનો વારો આવે છે. જો કે આ પ્રશ્નના ઉકેલ સ્વરૂપે શહેરમાં ટીફીન સર્વિસ વધી ગઈ છે. ઘણાં જાણીતા કેટરર્સએ ટીફીન સર્વિસ શરૂ કરી છે. લગ્નો અને અન્ય સામાજિક મેળાવડાઓ બંધ છે ત્યારે કેટરર્સ દ્વારા આ કપરાં કાળમાં ચલાવાતી ટીફીન સર્વિસ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે તો કેટરર્સ ટકી રહ્યાં છે. કેટલીક સામાજિક સંસ્થાઓએ પણ ટોકન દરે કે નિઃશુલ્ક ટીફીન સર્વિસ શરૂ કરી છે.

હોટલો અને રેસ્ટોરન્ટ બંધ છે ત્યારે ટેક અવે સર્વિસે આવા વ્યવસાયીઓને ટકાવી રાખ્યાં છે. ગાંધીનગર શહેરની ઘણી જાણીતી રેસ્ટોરન્ટ અને હોટલોમાંથી ટેક અવે સર્વિસ ચાલુ છે. કોરોનાના હોમ ક્વોરોન્ટાઈન થયેલા દર્દીઓ ટેક અવે સર્વિસનો લાભ લઈ રહ્યાં છે. ટીફીન સર્વિસ અને ટેક અવે સર્વિસમાં.

## જન્મદિને વધામણી



પરમ હિતેન ભટ્ટ
મો. ૯૦૧૬૫ ૫૪૮૫૫



વિધી હિતેષ રાવલ
મો. ૯૮૨૪૩ ૩૮૦૦૮



આર્ચ વિનોદકુમાર શાહ



ધ્વનિષાબા જયપાલસિંહ વાઘેલા



અપૂર્વ આચર્ન

## ખૂણેખાંચરેથી



- જિલ્લા ભાજપના અને સહકારી અગ્રણી તેમજ કિસાન મોરચા સેલના પ્રવકતા હિતેન્દ્ર પટેલ કોરોનામુક્ત થયા છે.
- જિલ્લા ભાજપના મહામંત્રી આઈ. બી. વાઘેલાએ વેક્સિનેશનનો પ્રથમ ડોઝ લીધો છે.
- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈએ પણ આજે કોરોના વેકસીનેશનનો પ્રથમ ડોઝ વાસણા ચૌધરી ગામે લીધો છે.
- રાજયના સામાન્ય વહીવટ વિભાગે આજે એક પરિપત્ર કરી સચિવાલય સંકુલના અધિકારી-કર્મચારીઓને કાર્ડ સ્વાઈપ કરવામાંથી મુક્તિ આપી છે.
- રાજ્ય સરકારની સૂચના પછી જિલ્લામાં વધેલા સંક્રમણને ધ્યાને લઈ આજે જિલ્લા પંચાયતે ૫૦ ટકા કર્મયોગીઓને જ કચેરીઓમાં હાજરી આપવાના આદેશ કર્યા છે.
- ગાંધીનગરથી પ્રસિદ્ધ થતા પાટનગર ટુડેના પત્રકાર શારદાબેન શુક્લનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે. તેઓ જતીન શુક્લના માતૃશ્રી થાય. સ્વ. શહેરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.
- દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણને પત્ર લખી દવા ખરીદવા માટે ગ્રાન્ટ ફાળવવા જણાવ્યુ છે.
- વેક્સિનેશનને લઈ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આજે તાલુકા મથકો પર ગુગલ મીટ યોજી આયોજનની તૈયારીઓ ઝડપથી પૂર્ણ કરવા કહ્યુ હતુ.

## અવસાન નોંધ

સ્વ. શ્રીમતી પુષ્પાબેન દિનેશકુમાર વાઘેલા તથા સ્વ. દિનેશભાઈ ચિમનભાઈ વાઘેલાનું અવસાન થયેલ છે. તેમનું ટેલિફોનિક બેસણું તા. ૩૦મી એપ્રિલે સેકટર-૪એ, પ્લોટ નં. ૪૯/૧, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૧૧ વાગ્યે રાખેલ છે.

મો. ૭૬૦૦૪ ૬૩૯૪૯, ૭૮૭૪૦ ૦૦૬૦૪